**૨૭.** એથિક્સ લિ.ની તા. ૩૧-૩-૨૦૧૯ના રોજની કાચા સરવૈયાની અમુક બાકીઓ નીચે મુજબ છે :

| | વિગત | રૂ. |
|---|---|---|
| (૧) | ઈક્વિટી શૅરમૂડી<br>(૩,૦૦૦ ઈક્વિટી શૅર દરેક રૂ. ૧૦૦નો પૂરા ભરપાઈ) | ૩,૦૦,૦૦૦ |
| (૨) | રિડીમેબલ પ્રેફ. શૅરમૂડી<br>(૧,૦૦૦ પ્રેફ. શૅર દરેક રૂ. ૧૦૦નો શૅરદીઠ રૂ. ૮૦ ભરપાઈ) | ૮૦,૦૦૦ |
| (૩) | સામાન્ય અનામત | ૭૦,૦૦૦ |
| (૪) | જામીનગીરી પ્રીમિયમ | ૨૦,૦૦૦ |
| (૫) | બૅન્ક સિલક | ૨,૫૦,૦૦૦ |

કાયદાની જરૂરી જોગવાઈનું પાલન કરીને કંપની ૧૦% પ્રીમિયમથી રિડીમેબલ પ્રેફરન્સ શૅરમૂડી પરત કરવાનું નક્કી કરે છે. જરૂરી રકમના નવા ઈક્વિટી શૅર મૂળ કિંમતે બહાર પાડવામાં આવે છે. કંપની દર ૧૦ ઈક્વિટી શૅર દીઠ ૧ ઈક્વિટી શૅર બોનસ શૅર તરીકે આપવાનું નક્કી કરે છે, આ માટે મૂડી પરત અનામતની રકમનો ઉપયોગ કરવાનો છે.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(સૌ. યુનિ., એસ. વાય., નવે. ૨૦૧૨)

Scanned by CamScanner

**૩૨.** વોરાજી લિમિટેડની સત્તાવાર થાપણ દરેક રૂ. ૧૦નો તેવા ૫,૦૦,૦૦૦ શૅરોની બનેલી હતી. જે પૈકી કંપનીએ ૪૦% શૅર ૧૦% પ્રીમિયમે જાહેર જનતા માટે બહાર પાડેલ છે. ભરણાની સંપૂર્ણ બાંયધરી પરેશ, પ્રકાશ અને યોગેશે નીચે મુજબ આપી છે :

પરેશ ૫૦%, પ્રકાશ ૩૦%, યોગેશ ૨૦%

આ ઉપરાંત બાંયધરી દલાલોએ આપેલ નિશ્ચિત બાંયધરી નીચે મુજબ છે :

પરેશ ૧૦,૦૦૦, પ્રકાશ ૬,૦૦૦, યોગેશ ૪,૦૦૦

કંપનીને નિશાનીવાળી અરજીઓ સહિત પણ નિશ્ચિત બાંયધરી સિવાય કુલ ૧,૮૦,૦૦૦ શૅર માટેની અરજીઓ મળી. જેમાં નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ છે :

પરેશ ૮૦,૦૦૦, પ્રકાશ ૪૦,૦૦૦, યોગેશ ૪૦,૦૦૦

જો નિશ્ચિત બાંયધરીની રકમ દલાલોને જમા આપવામાં આવતી હોય, તો દરેક બાંયધરી દલાલોની વ્યક્તિગત જવાબદારી નક્કી કરો અને કંપનીધારાની જોગવાઈ મુજબ દરેક બાંયધરી દલાલને ચૂકવવાપાત્ર કમિશનની ગણતરી કરો.

Scanned by CamScanner

..., અસ.વાય., આ

ટૂંક નોંધ લખો : (૧) મૂડીઘટાડા અંગે કંપનીધારાની જોગવાઈઓ.

Scanned by CamScanner

**૧૧.** વર્ષ ૨૦૧૯ માટેની નીચે આપેલી વિગતો ઉપરથી આગના વીમા વિભાગનું મહેસૂલી ખાતું તૈયાર કરો :

| વિગત | રૂ. |
|---|---|
| શરૂઆતનું બાકી જોખમ માટેનું ૫૦% લેખેનું અનામત | ૧,૮૦,૦૦૦ |
| વધારાનું અનામત | ૩૬,૦૦૦ |
| બાકી દાવાઓ અંગે જવાબદારી (શરૂઆતની બાકી) | ૩૧,૦૦૦ |
| બાકી દાવાઓ અંગે જવાબદારી (અંતની બાકી) | ૪૨,૦૦૦ |
| ચૂકવેલ દાવાઓ | ૩,૬૫,૦૦૦ |
| કાનૂની ખર્ચ | ૬,૦૦૦ |
| પુનર્વીમા વસૂલાત | ૩૨,૦૦૦ |
| દાક્તરી ખર્ચાઓ | ૪,૦૦૦ |
| ઘાલખાધ | ૮૦૦ |
| પ્રીમિયમ (મળેલું) | ૪,૮૬,૦૦૦ |
| સ્વીકારેલ પુનર્વીમા ઉપર પ્રીમિયમ | ૩૨,૦૦૦ |
| આપેલ પુનર્વીમા ઉપર પ્રીમિયમ | ૪૩,૦૦૦ |
| સીધા ધંધા પર કમિશન | ૪૮,૬૦૦ |
| સ્વીકારેલ પુનર્વીમા ઉપર કમિશન | ૧,૬૦૦ |
| આપેલ પુનર્વીમા ઉપર કમિશન | ૨,૧૫૦ |
| વહીવટી ખર્ચાઓ | ૯૦,૦૦૦ |
| વ્યાજ-ડિવિડન્ડ, ભાડું વગેરે | ૨૪,૦૦૦ |
| રોકાણોના વેચાણ પર નફો | ૩,૦૦૦ |

વર્ષના અંતે અનામતની જોગવાઈ વર્ષની શરૂઆતના અનામતના ધોરણે કરવાની છે.

Scanned by CamScanner